## સરથાણામાં ઘર પાસે રમી રહેલી બાળકીને એસએમસીની કચરાની ગાડીએ કચડી મારી

સુરતઃ સરથાણા ખાતે આવેલ ભોજલધામ સોસાયટીમાં દોઢ વર્ષીય બાળકીને એસએમસી કચરાની ગાડીના ચાલકે અડફેટે લેતા ગંભીર ઈજાને પગલે ઘટના સ્થળે જ તેનું મોત થયું હતું.

સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી મુજબ સરથાણા શ્યામધામ મંદિર પાસે આવેલ ભોજલધામ સોસાયટીમાં મમ્મી, દાદા અને દાદી સાથે રહેતી દોઢ વર્ષીય કાજલ તેના પિતા નેપાળ કાઠમંડુ ખાતે અભ્યાસ કરવા માટે ગયા છે. શુક્રવારે સવારે કાજલ ઘર પાસે રમી રહી હતી. દરમિયાન એસએમસી કચરાની ગાડીના ચાલકે કાજલને અડફેટે લીધી હતી. જેથી કાજલનું ગંભીર ઈજાને પગલે ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ સરથાણા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## પૂણામાં બે સંતાનની માતાએ રહસ્યમય સંજોગોમાં ફાંસો ખાધો

સુરતઃ પુણા ગામ ખાતે આવેલી સૂર્ય નગર સોસાયટીમાં રહેતી બે સંતાનની માતાએ રહસ્યમય સંજોગોમાં ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સ્મીમેર હોસ્પિટલપાસેથી પુણાગામ માનસરોવર સ્કૂલની પાછળ આવેલી સૂર્ય નગર સોસાયટીમાં રહેતા શિવનેશ કોરી તેની પત્ની 30 વર્ષીય સરિતા દેવી તેમજ બે પુત્ર સાથે રહે છે. શિવનેશ અને તેની પત્ની સરિતા દેવી સાડીના કારખાનામાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગુરુવારે બપોરે સરિતા દેવી એ ઘરે લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સરિતા દેવી એ ક્યાં કારણોસર આપઘાત નું અંતિમ પગલું ભર્યું તે અંગે હાલ રહસ્ય સર્જાયું છે. આ અંગે વધુ તપાસ પુણા પોલીસ કરી રહી છે.

## કાપોદ્રામાં રહેતા 68 વર્ષીય વૃદ્ધાનો માનસિક બીમારીથી કંટાળીને આપઘાત

સુરતઃ કાપોદ્રા ખાતે આવેલી સમ્રાટ સોસાયટીમાં પુત્રો સાથે રહેતા 68 વર્ષીય વૃદ્ધાએ માનસિક બિમારીથી કંટાળી ઘરે એસીડ પી આપઘાત કરી લીધો હતો. સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ અમરેલી જિલ્લાના વતની અને હાલ કાપોદ્રા વિસ્તારમાં આવેલી સમ્રાટ સોસાયટીમાં રહેતા 68 વર્ષીય શાંતુબેન પરબતભાઈ વિરડિયા પુત્રો સાથેરહેતા હતાં. તેમના બંને પુત્રો પાનનો ગલ્લો ચલાવે છે. તેઓ લાંબા સમયથી માનસિક બીમારીથી પીડાતા હતા. જે બીમારીથી અંતે કંટાળીને તેમણે ગુરૂવારે બપોરે ઘરે એસિડ પી લીધું હતું. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે વધુ તપાસ કાપોદ્રા પોલીસ કરી રહી છે.

## નાનપુરાની મહિલાની ભાડેથી લીધેલી બોલેરો પિકઅપ વાન બારોબાર વેચી મારનાર સામે ગુનો

સુરતઃ નાનપુરા, ખંડેરાવપુરા વિસ્તારમાં રહેતી મહિલા વેપારી પાસેથી પાલના યુવકે રૂપિયા 11 લાખ કિંમતની બોલેરો પીકઅપ ગાડી ભાડેથી ચલાવવા માટે લીધા બાદ બરોબાર વેચી મારી હોવાનો બનાવ પોલીસમાં પહોચ્યો છે.શહેરના નાનપુરા, ખંડેરાવપુરા ખાતે રહેતી મહીલા વેપારી કિંજલબેન ઉર્ફે કાજલબેન અનીલભાઈ લકડાવાલા પાસેથી માર્ચ 2024માં મીત મુકેશ ભટ્ટે (રહે, શીવ કૃપા રો હાઉસ, પાલ) રૂપિયા 11 લાખની કિંમતની બોલેરો પીકઅપ લોડીંગ ગાડી ભાડેથી ચલાવવા માટે લીધી હતી. જોકે મીત ભટ્ટે આ ગાડી કિંજલબેનની જાણ બારોબાર ત્રાહિત માણસ પાસે ગીરવે અથવા બારોબાર વેચી નાંખી હતી. આ અંગે કિંજલબેન ઉર્ફે કાજલબેનને ખબર પડતા તેઓએ મીત ભટ્ટ પાસે પોતાની બોલેરો પીકઅપ ગાડી પરત માંગતા ગલ્લા તલ્લા કરી ગાડી પરત આપી ન હતી.

# SOU જેવો ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક સુરતમાં બનાવવા તૈયારી

**મનપા** સિટી ઇજનેર જતીન દેસાઇ, બે ડેપ્યુટી કમિશનર ગુરવ દિનેશ અને મીના ગજ્જર તેમજ આસિ. કમિ. ગાયત્રી જરીવાલાની ટીમે SOU પહોંચી અભ્યાસ કર્યો


સુરતઃ સુરત મહાનગર પાલિકા દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીના ન્યુટ્રિશન પાર્ક જેવો ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક સુરત શહેરમાં બનાવાશે.

બાળકોમાં પોષણ જાગૃતિ, શિક્ષણ અને આરોગ્યને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવા ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક બનાવવાનું આયોજન કરાયું છે, જેને માટે આ વર્ષના બજેટમાં પણ જોગવાઈ કરાઈ છે. સુરત શહેરમાં બાળકો માટે ન્યુટ્રિશન પાર્ક સાકાર કરવાનો હોવાથી સુરત મનપાની ટીમ સ્ટેચ્યુ ઓફ યુનિટીના ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્કની મુલાકાતે ગઈ હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સાકાર કરાયેલા ન્યુટ્રિશન પાર્કની મુલાકાત બાદ સુરત શહેરમાં કેવો ન્યુટ્રિશન પાર્ક સાકાર કરવો તે અંગે આગળ પ્લાનિંગ કરાશે. શુક્રવારે સુરત મનપાના અધિકારીઓ જેમાં ડેપ્યુટી કમિશનર દિનેશ ગુરવ, ઈન્ચાર્જ સિટી ઈજનેર જતીન દેસાઈ, ડેપ્યુટી કમિશનર મીના ગજ્જર અને ગાયત્રી જરીવાલા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે ગયા હતા.

નાના બાળકોને ખાદ્ય વસ્તુઓના ઉત્પાદનના મુખ્ય સ્ત્રોતથી લઈ ઘર સુધી પહોંચવાની પ્રક્રિયાથી માહિતગાર કરવા માટે ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક સાકાર કરવાનું આયોજન છે. આજકાલ નાના બાળકો જંક ફુડ વધુ ખાઈ રહ્યા છે, ત્યારે નાના બાળકોમાં પોષણયુક્ત આહાર વિશે નોલેજ વધે તેવા હેતુસર આ પ્રોજેક્ટ સાકાર કરાશે. ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક થકી શહેરીજનો માટે એક નવો પ્રકલ્પ ઉભો થશે, સાથે શહેરમાં ટુરીઝમને પ્રોત્સાહન મળશે. બજેટમાં આ પ્રોજેક્ટ મૂકાયો છે અને હવે પાર્ક માટે જગ્યા પસંદ કરાશે.

બીઆરટીએસ, મેટ્રો સ્ટેશન સાથે મુખ્ય રોડ સાથે જોડાયેલા સ્થળ કે જ્યાં આવવા જવાનું અનુકૂળ હોય તેવું સ્થળ પસંદ કરવામાં આવશે. સીએસઆર ફંડ કે સરકારની ગ્રાન્ટમાંથી પ્રોજેકટ સાકાર કરવાનું આયોજન છે. અત્રે ઉલેલ્ખનીય છે કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સાકાર કરાયેલો ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક 5000 એકર જમીનમાં છે અને તેમાં વિવિધ ગેમ થકી બાળકોને માહિતી આપવામાં આવે છે.





### શું હશે આ પ્રોજેક્ટનો હેતુ?

**પોષણ શિક્ષણઃ** બાળકોને પોષણ, સંતુલિત આહાર અને સ્વસ્થ ખાવાની આદતોના મહત્વ વિશે શિક્ષિત કરવા માટે એક આકર્ષક અને ઇન્ટેરેક્ટિવ પ્લેટફોર્મ બનાવવું.

સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહનઃ બાળકોને નિયમિત શારીરિક પ્રવૃત્તિ, સ્વચ્છતા અને માનસિક સુખાકારી સહિત સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રોત્સાહિત કરવા

**કુપોષણ નિવારણઃ** કુપોષણ, તેના કારણો અને પરિણામો વિશે જાગૃતિ લાવવી અને નિવારણ સંદર્ભે માર્ગદર્શન પુરું પાડવું

**સમુદાયિક જોડાણઃ** બાળકોના પોષણ અને સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપાવમાં સમુદાયની ભાગીદારીને પ્રોત્સાહન આપવું એક મહત્વનો ભાગ રહેશે.

### મુખ્ય વિશેષતા

- **ઇન્ટરેક્ટિવ એક્ઝિબિશનઃ** બાળકોને પોષણ, આરોગ્ય અને સુખાકારી વિશે શીખવતા ઓડિયો વિઝ્યુઅલ એક્ઝિબિશન, ગેમ્સ અને સંબંધિત પ્રવૃત્તિ
- **ન્યુટ્રિશન ગાર્ડનઃ** વિવિધ ફળો, શાકભાજી અને ઔષધિઓનું પ્રદર્શન કરતા ડેમોન્સ્ટ્રેશન ગાર્ડન્સ જે તેના ન્યુટ્રિશન બેનીફેટ કરતા હોય
- **પ્લે એરિયાઃ** શારીરિક પ્રવૃત્તિ અને આઉટડોર રમતને પ્રોત્સાહન આપતી સલામત, સુવિધાજનક રમતગમતની જગ્યાઓ
- **ન્યુટ્રિશન કાઉન્સેલીંગઃ** વ્યક્તિગત પોષણ સલાહ અને માર્ગદર્શન પ્રદાન કરતા પ્રશિક્ષિત વ્યાવસાયિકો દ્વારા પોષણ સંબંધમાં માર્ગદર્શન
- **મૂવમેન્ટ ટોય ટ્રેનઃ** બાળકોને એક પ્રદર્શન સ્થળ સુધી જવા ઓડિયો ગાઇડ સાથેની આકર્ષક ટોય ટ્રેન

## લિંબાયતની 13 વર્ષીય કિશોરીને લગ્નનો વાયદો કરી યુવકનો વારંવાર બળાત્કાર

**પરિવારને** કિશોરીએ હકીકત જણાવતાં મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો

સુરતઃ લિંબાયત વિસ્તારમાં રહેતી 13 વર્ષીય કિશોરી સાથે સોસાયટીમાં રહેતા યુવકે મિત્રતા કરી તેને લગ્નનો વાયદો કરી બળાત્કાર કર્યો હતો. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

શહેરના લિંબાયત વિસ્તારમાં 13 વર્ષીય કિશોરી પરિવાર સાથે રહે છે. આ કિશોરીને તેની જ સોસાયટીમાં રહેતા એક યુવકે તેનું નામ લવકુશ ઠાકોર હોવાનું કહી વાતચીત શરૂ કરી હતી અને ત્યારબાદ મિત્રતા કેળવી લીધી હતી. પછી તેણે તેને લગ્ન કરવાનો વાયદો કર્યો હતો.

ચાર મહિના પહેલા રાત્રિના સમયે કિશોરીને ડરાવીને તે ઘરમાં ઘૂસી ગયો હતો અને તેની પર બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ પણ તે તેને અવરનવર ફોન કરીને મળવા બોલાવતો હતો અને બળાત્કાર કરતો હતો. 20 માર્ચ 2024ના રોજ રાતના અરસામાં કિશોરી પોતાના ઘરે હતી ત્યારે પણ લવકુશ ઠાકોરે ઘરે આવી તેની સાથે બળજબરી થી શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો અને આ વાતની કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. બનાવ સંદર્ભે લિંબાયત પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સસ્તા વ્યાજની 20 કરોડની લોન આપવાનું કહી પાંડેસરાની કંપની સાથે 33 લાખની ઠગાઇ

**લોન** નામંજૂર થતાં પ્રોસેસિંગ ફી અને અન્ય ચાર્જ રૂપિયા પરત માંગ્યા તો થાય તે કરી લેવાનું કહી દેવાયું

સુરતઃ પાંડેસરા જીઆઈડીસીમાં આવેલી વિક્રમનુ વોટેક ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપનીને ઓછા વ્યાજે 20 કરોડની લોન અપાવનાને બહાને મુંબઈના શ્રીજી ફિનકોર્પ કંપનીના વહીવટકર્તા અને લોન એજન્ટે એડવાન્સ પેટે, લોન પ્રોસેસિંગ ફી સહિત અલગ અલગ ચાર્જના બહાને રૂપિયા 32.85 લાખ પડાવી લોન નહીં અપાવી ઠગાઇ કરી હતી.

શહેરના સીટીલાઈટ ગોલ્ડન એવન્યુ ખાતે રહેતા રાજકુમાર જગદીશપ્રસાદ ત્રિપાઠી પાંડેસરા જી.આઈ.ડી.સી માં આવેલ વિક્રમનુ વોટેક ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ચીફ ફાયનાન્સ ઓફિસર તરીકે નોકરી કરે છે. કંપનીનું એક્સપાન્સન કરવાનું હોવાથી લોન લેવી પડે તેમ હતું.

આ કામગીરી દરમિયાન તેમની ઓળખાણ લોન એજન્ટ વિરેન્દ્ર ગીરી સાથે થઈ હતી. તેણે તેમનો સંપર્ક શ્રીજી ફિનકોપના વહીવટકર્તા યતિન કાપડીયા સાથે કરાવ્યો હતો. આ બંને જણાએ રાજકુમારને ઓછા વ્યાજે લોન અપાવવાની વાત કરી એડવાન્સ પેટે, પ્રોસેસિંગ ફી તેમજ અન્ય ચાર્જના બહાને ટુકડે ટુકડે 35.85 લાખ લીધા હતા. ત્યારબાદ થોડા દિવસ પછી આરોપીઓ તેમને શ્રીજી ફિનકોર્પ ફાયનાન્સ કંપનીના નામનો ૨૦ કરોડની લોનનો કન્ફર્મેશન લેટર આપ્યો હતો. અને એક જામીનદાર રજૂ કરશો તો લોનની રકમ તમારા એકાઉન્ટમાં આવી જશે. જો કે, ત્યારબાદ પણ યતિને તમારે લોન મંજુર નહીં થાય તેવુ કહેતા રાજકુમારે લોન માટે એડવાન્સમાં આપેલા રૂપિયાની પરત માંગણી કરતા ઉશ્કેરાઈને શાના પૈસા, કોઈ પૈસા નહી મળે, આ પૈસા ભુલી જવાના હોવાનુ કહ્યું હતું. બનાવ સંદર્ભે રાજકુમાર ત્રિપાઠીએ ગતરોજ ફરિયાદ નોધાવતા પાંડેસરા પોલીસે યનિત કાપડિયા (રહે, ઓર્ચિડ પ્લાઝા, ગોકુલ શોપીંગ સેન્ટર, બોરીવલી મુંબઈ) અને વિરેન્દ્ર ગીરી સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## કતારગામના 35 વર્ષીય યુવાનનું અચાનક જ બેભાન થઈ જતાં મોત

**વરિયાવના** રંગારાનું પણ અચાનક બેહોશ થઇ ગયા બાદ મોત

સુરતઃ શહેરમાં વધુ બે લોકોના અચાનક બેભાન થયા બાદ મોત નીપજ્યા હતા. જેમાં કતારગામ એસએમસી ક્વાર્ટર્સમાં રહેતા યુવકનું અને વરિયાવ કાઠીયાવાડી ટેકરા પર રહેતા યુવકનું અચાનક બેભાન થઈ ગયા બાદ મોતને ભેટ્યા હતા. સ્મીમેર હોસ્પિટલમાંથી મળતી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના વતની અને હાલ કતારગામ ચીકુવાડી ખાતે આવેલા એસએમસી ક્વાર્ટર્સમાં રહેતા 35 વર્ષીય રાવસાહેબ ધનરાજ માળી કાપડ માર્કેટમાં મજૂરી કામ કરી પત્ની તેમજ એક પુત્રી નું ભરણપોષણ કરતા હતા. આજે સવારે રાવસાહેબ ઘરે અચાનક બેભાન થઈ ગયા હતા. જેથી તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

બીજા બનાવમાં મૂળ ભાવનગરના વતની અને હાલ વરિયાવ ખાતે આવેલ કાઠીયાવાડી ટેકરા પર રહેતા 48 વર્ષીય નરસિંહ હરિભાઈ ગોહિલ કલર કામ કરી પત્ની સહિતના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. આજે સવારે નરસિંહભાઈ ઘરે એકાએક બેભાન થઈ ઢળી પડ્યા હતા. જેથી તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બંને યુવકોના હાર્ટ એટેકથી મોત થયા હોવાની શક્યતા છે.

## કતારગામ તાલુકા વિસ્તારના 12 લાખ નાગરિકોને હવે બહુમાળી સુધી નહીં જવું પડે

**કતારગામમાં** નવા જનસેવા કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો

**સિનિયર** સિટિઝન કેન્દ્ર અને યોગા હોલ પણ બનાવાયો

સુરતઃ આગામી શૈક્ષણિક વર્ષને ધ્યાનમાં રાખી જિલ્લાની વહીવટી તંત્ર દ્વારા કતારગામ ખાતે નવું જનસેવા કેન્દ્ર કાર્યરત કરવામાં આવ્યું છે. કતારગામ વિસ્તારમાં આવેલા સિનિયર સિટિઝન કેન્દ્ર, યોગા હોલ, SMC વોર્ડ નં. 7ની ઓફિસની બાજુમાં, હાથીવાળા મંદિર રોડ, આંબાતલાવડી ખાતે યોજાયેલ ઉદઘાટન સમારંભમાં ધારાસભ્ય વિનોદભાઈ મોરડીયાએ કેન્દ્રનું લોકાર્પણ કર્યું હતું.

દિવસે દિવસે પ્રમાણપત્રોની માંગ વધતી હોવા છતાં કતારગામ જેવા વિશાળ વિસ્તારમાં માત્ર એક જ જનસેવા કેન્દ્ર કાર્યરત હોવાથી નાગરિકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. વિદ્યાર્થીઓ, અરજદારો અને સામાન્ય નાગરિકોને આવકના દાખલા, જાતિ પ્રમાણપત્ર, EWS, ડોમિસાઈલ અને RTE સહિતની શૈક્ષણિક તથા આવાસ યોજનાઓ માટે લગતાં દાખલાઓ મેળવવા હવે વધુ સગવડતા મળશે. ધારાસભ્ય મોરડીયાએ જણાવ્યું હતું કે, “નવું જનસેવા કેન્દ્ર કતારગામની જનસુવિધાઓમાં વધુ એક ઉમદા ઉમેરો છે. અહીં એક જ સ્થળે મામલતદાર, નાયબ મામલતદાર, તલાટી-કમ-મંત્રીઓ તથા ક્લાર્ક સહિતનો સ્ટાફ ઉપલબ્ધ રહેશે.”

### નવું કેન્દ્ર કાર્યરત થતા અરજદારો માટે ઝડપી સેવા અને સુવિધા મળશે

કતારગામમાં અત્યાર સુધી બહુમાળી ભવનમાં જ જનસેવા કેન્દ્ર કાર્યરત હતું, પરંતુ વિસ્તારના વ્યાપક હોય તે મુજબ વોર્ડ નં. 1 થી 12 અને અમરોલી, વરિયાવ, છાપરાભાઠા, ઉમરવાડા સહિતના વિસ્તારોના નાગરિકો માટે આ કેન્દ્ર પૂરતું નહોતું. પરિણામે વધુ આરામદાયક સેવા આપવા હવે બીજું જનસેવા કેન્દ્ર કાર્યરત કરાયું છે. નવું કેન્દ્ર કાર્યરત થયા બાદ અરજદારો માટે ટોકન સિસ્ટમ, ઝડપથી પ્રમાણપત્રો મળે તેવી સુવિધા અને પારદર્શક વ્યવસ્થા સાથે કામકાજ થશે. પાયાની સગવડોને પણ ધ્યાનમાં રાખી નવી સજ્જ વ્યુવસ્થા ઉભી કરવામાં આવી છે.

## ડુમસ રોડના સેન્ટ્રલ મોલના બીજા અને ત્રીજા માળેથી 11 તસ્કર ઝડપાયા

**દીવાલ** કૂદી કાચ તોડી મોલમાં ઘૂસ્યા, પરંતુ સિક્યુરિટી ગાર્ડની નજર ગઇ

**નસીબ** સંજોગે સિક્યુરિટી ગાર્ડને તે જ સમયે પોલીસવાન પણ દેખાઇ ગઇ અને તસ્કરો ઝડપાયા

સુરતઃ ડુમસ રોડ ઉપર આવેલા સેન્ટ્રલ મોલમાં ચોરી કરવા ઘૂસેલા 11 તસ્કર રંગે હાથે ઝડપાઈ ગયા હતા.

ગઈકાલે રાત્રે શહેરના ડુમસ રોડ પર આવેલો સેન્ટ્રલ મોલ બંધ થયા બાદ તેના પાછળના ભાગની દિવાલ કૂદીને 11 જેટલા ચોરે મોલની બારીનો કાચ તોડી મોલમાં પ્રવેશ કર્યો હતો. આ તમામ ચોર દાદર મારફતે બીજા અને ત્રીજા માળે પહોંચી ગયા હતા. જોકે આ દરમિયાન એક સિક્યુરિટી ગાર્ડની નજર અચાનક જ ચોરો ઉપર પડી હતી. જેથી તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરવા માટે તજવીજ હાથ ધરી હતી પરંતુ સંજોગો વસાત તે દરમિયાન જ પોલીસની પીસીઆરવાન મેઈન રોડ પરથી પસાર થતા સિક્યુરિટી ગાર્ડે તરત જ પોલીસની મદદ લીધી હતી. ચોરની સંખ્યા વધારે હોવાને કારણે ઝડપથી બીજી ગાડી પણ બોલાવી લીધી હતી. જેથી અન્ય પોલીસના જવાનો પણ સેન્ટ્રલ મોલ પહોંચી ગયા હતા. તેઓએ સાથે મળીને બીજા અને ત્રીજા માળે અલગ અલગ દિશામાં ચોરી કરતા કુલ 11 ચોરને ઝડપી પાડ્યા હતા. હાલ પોલીસે વિમલ કાંતિલાલ પટેલ (રહે, કંચેશ્વર એપાર્ટમેન્ટ પીપલોદ) ની ફરિયાદ લઈ કુલ 11 ઈસમો સામે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### પકડાયેલા આરોપીઓ

૧. નરેશ ઈશ્વરભાઈ વાઘેલા (રહે-છાપરાભાઠા) (૨) ગોપાલ અનિલ (રહે-અમરોલી પુલની નીચે સુરત) (૩) અનિલ મનોજ દેવીપુજક (રહે-અડાજણ પાટિયા ફુટપાથ) (૪) અરુણ કાળુભાઈ વાઘેલા (રહે-અમરોલી ઝુપડપટ્ટીમા) (૫) રામુ ભાથીભાઈ દેવીપુજક (રહે-શીતલ ટોકીઝ અડાજણ પાટિયા) (૬) હીરેન મહેશ ગામીત (રહે-અમરોલી બ્રીજ નીચે) (૭) અજય અરવિંદભાઇ વાઘેલા (રહે-અમરોલી જકાતનાકા રોડની બાજુમા છાપરાભાઠા) (૮) વિજય રમેશ ભાભોર (રહે-પીપસ આશ્રમ કતારગામ) (૯) જિગ્નેશ પપ્પુભાઈ દેવીપુજક (રહે- અમરોલી પુલ નીચે) (૧૦) અજય પ્રતાપ દેવીપુજક (રહે-શીતલ ચાર રસ્તા પાટિયા સુરત) (૧૧) મુકેશ રમેશભાઈ દેવીપુજક (રહે-કોસાડ આવાસ, કોસાડ, અમરોલી)

## સુરતમાં માસાના ઘરે વેકેશન ગાળવા આવેલા કિશોરનું ટેમ્પોમાંથી પટકાતાં મોત

**ટ્રાફિક** પોલીસની બેદરકારી રાહદારીઓ માટે બની જીવલેણ

સુરતઃ સારોલી રોડ મહાવીર માર્કેટની સામે ચાલુ ટેમ્પોમાંથી 15 વર્ષીય કિશોર નીચે પટકાતા ગંભીર ઈજાને પગલે સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું સારવાર દરમિયાન ગુરુવારે મધરાતે મોત નીપજ્યું હતું. કિશોર 10 દિવસ પહેલા જ તેના માસાના ઘરે વેકેશન ગાળવા આવ્યો હતો. સ્મીમેર હોસ્પિટલ પાસેથી માહિતી મુજબ મૂળ ઉત્તર પ્રદેશના ગોંડા ખાતે રહેતા પવન તિવારી વતનમાં મજૂરીકામ કરી પત્ની તેમજ બે પુત્રનું ભરણપોષણ કરે છે. પવનના બે સંતાન પૈકી 15 વર્ષીય પુત્ર સોનુંએ ધોરણ 10ની બોર્ડની પરીક્ષા આપી હતી. સોનુ 10 દિવસ પહેલા સુરત ગોડાદરા ખાતે પટેલ નગરમાં રહેતા માસાના ઘરે ફરવા માટે આવ્યો હતો.

દરમિયાન 18 એપ્રિલના રોજ સોનું માસા સાથે ટેમ્પોમાં બેસી કામ અર્થે ગયો હતો. રાત્રે સારોલી રોડ મહાવીર માર્કેટની સામે સોનુ ચાલુ ટેમ્પોમાંથી નીચે પટકાતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. સારવાર માટે તેને ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં સારવાર દરમિયાન ગુરુવારે મધરાતે તેનું મોત થયું હતું. આ અંગે વધુ તપાસ પુણા પોલીસ કરી રહી છે. શહેરના ટેકસટાઈલ માર્કેટ સહિતના અનેક વિસ્તારોમાં ખુલ્લેઆમ ઓવરલોડ ટેમ્પો દોડતા જોવા મળતા હોય છે. જેના માટે ટ્રાફિક પોલીસ જવાબદાર છે.

## ફોલ્લીથી કંટાળી ઉનની 27 વર્ષીય યુવતીનો આપઘાત

સુરતઃ ઉનમાં મગદુમ નગરમાં રહેતા મોહમ્મદ હુસેન શેખ હુસેનના ચાર સંતાન પૈકી 27 વર્ષીય દીકરી આફરીન બાનુને આખા શરીરે ફોલ્લીઓ થઈ ગઈ હતી. જેનાથી કંટાળી આફરીને શુક્રવારે સવારે ઘરે લોખંડના હૂક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.


**સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया / Central Bank of India**
અલથાણ શાખા : દુકાન નં. જી૨ અને જી૩, ઈકો ફુટઝ, ન્યુ સિટી લાઇટ રોડ, સુરત.
E mail: bmsura5082@centralbank.co.in

**પઝેશન નોટીસ**

પરિશિષ્ઠ-૪, નિયમ-૮(૧) (સ્થાવર મિલકત માટે)

આથી, નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, અલથાણ શાખા, સુરત**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૦૪.૦૭.૨૦૨૪** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા કરજદાર/સહ-કરજદાર **શ્રી પિયુષભાઈ અરવિંદભાઈ પેઠાણી (કરજદાર), શ્રી પ્રદીપભાઈ અરવિંદભાઈ પેઠાણી (સહ-કરજદાર), શ્રી રમેશભાઈ ડાહ્યાભાઈ જીયાન (જામીનદાર)**ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૩૩,૩૫,૦૦૧.૦૫/- (રૂા. તેત્રીસ લાખ પાત્રીસ હજાર એક અને પાંચ પૈસા પુરા)** ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા પેટા કલમ (૪) અને કલમ ૧૩ તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૨૫.૦૪.૨૦૨૫**ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા** ના બાકી લેણા **રૂા. ૩૩,૩૫,૦૦૧.૦૫/- (રૂા. તેત્રીસ લાખ પાત્રીસ હજાર એક અને પાંચ પૈસા પુરા)** તા. ૨૯.૦૬.૨૦૨૪ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતની વિગત**

ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૭૪, ક્ષેત્રફળ ૬૮.૭૫ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો ક્ષેત્રફળ ૩૨.૫૫ સ્કે. મીટર રોડ અને સીઓપીનો ક્ષેત્રફળ ૨૦.૮૫ સ્કે. મીટર, “ધર્મનંદન બંગ્લોઝ” જે સ્થિત જમીનનો આર.એસ. નં. ૮૦, બ્લોક નં. ૧૦૨, ક્ષેત્રફળ ૧૩૧૯૭ સ્કે. મીટર (જુનો બ્લોક નં. ૭૬, ક્ષેત્રફળ ૧૩૫૫૭ સ્કે. મીટર), ગામ-નનસાડ, તાલુકા-કામરેજ, જિ, સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત.

**ચતુરસીમા :** ● **પુર્વે** : પ્લોટ નં. ૭૫ ● **પશ્ચિમે** : પ્લોટ નં. ૭૩ ● **ઉત્તરે** : સોસાયટીનો રસ્તો ● **દક્ષિણે** : પ્લોટ નં. ૮૯

**તારીખ : ૨૫.૦૪.૨૦૨૫**
**સ્થળ : કામરેજ, સુરત**

સહી/-
અધિકૃત અધિકારી,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા



**FEDERAL BANK**
YOUR PERFECT BANKING PARTNER

ફેડરલ બેંક લિમીટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫.
ઈમેલ : ahdlcrd@federalbank.co.in, ફોન : ૦૭૯-૨૯૯૦૦૩૭૩, મોબાઈલ: ૯૪૨૭૮૫૮૯૯૭

**સ્થાવર મિલકતના વેચાણ માટે વેચાણ નોટીસ**

સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની નોટીસ સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો - ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં

આથી જાહેર જતનાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોઓએ સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો **ફેડરલ બેંક લિમીટેડ** (સિકયોર્ડ ક્રેડીટર) પાસે ગીરો / ચાર્જ કરેલ છે, જેનો **પ્રત્યક્ષ કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **ફેડરલ બેંક લિમીટેડ (સિક્યોર્ડ ક્રેડીટર)** ની બાકી લ્હેણી રકમ ની વસુલાત માટે **તા. ૦૩.૦૬.૨૦૨૫ ના રોજ “જેમ છે ત્યાં” “જેમ છે તેમ” “જે ત્યાં છે”** ના ધોરણે વેચાણ કરવામાં આવશે, ફેડરલ બેંક લિમીટેડ (સિકયોર્ડ બેંક લિમીટેડ) ની વેચાણની વિગત નીચે મુજબ છે.

| ઉધારકર્તાનું નામ અને સરનામું | બાકી લ્હેંણી રકમ | અનામત કિંમત / ઈએમડી |
| --- | --- | --- |
| (૧). શ્રીમતી સપના પંડીત W/o સ્વ. ગોકુલેશ શ્રીકિષ્ણા પંડીત, (૨). કુમારી ધુમી પંડીત D/o સ્વ. ગોકુલેશ શ્રીકિષ્ણા પંડીત, (૩). કુમાર ખુશ પંડીત S/o ગોકુલેશ શ્રીકિષ્ણા પંડીત, તેમના ગાર્ડીયન તરીકે શ્રીમતી સપના પંડીત, શ્રી ગોકુલેશ શ્રીકિષ્ણા પંડીતના કાયદેસરના વારસદાર તરીકે, (૪). શ્રીમતી માલ્તીબેન પંડીત W/o સ્વ. ગોકુલેશ શ્રીકિષ્ણા પંડીત, શ્રી ગોકુલેશ શ્રીકિષ્ણા પંડીતના કાયદેસરના વારસદાર તરીકે, **બધાનું સરનામું :** દેવ ક્રિસ્ટલ, રત્નાદિપ સોસાયટીની પાસે, જય માલા બસ સ્ટોપની પાસે, ઈસનપુર, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૪૪૩ // સી/૭૬, નટવર નગર, મોતી કુંજ, સીટી સ્કુલની પાસે, મથુરા, ઉત્તરપ્રદેશ - ૨૮૧૦૦૧ // બીજો માળ, ગીરીરાજ એપાર્ટમેન્ટ, ભાગવતનગર, મણીનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮. | (૧). લોન એકાઉન્ટ નં. ૧૧૫૮૭૩૦૦૦૧૬૫૬૮ ની બાકી રકમ **રૂા. ૪૨,૯૧,૬૫૭.૦૩** (રૂા. બેત્તાલીસ લાખ એકાણું હજાર છસ્સો સત્તાવન અને ત્રણ પૈસા પુરા) તા. ૦૩.૦૬.૨૦૨૫ ના સુધી, (૨). લોન એકાઉન્ટ નં. ૧૧૫૮૭૬૦૦૦૦૪૮૧૯ ની બાકી રકમ **રૂા. ૯,૪૨,૧૧૨/-** (રૂા. નવ લાખ બેત્તાલીસ હજાર એકસો બાર પુરા) તા. ૦૩.૦૬.૨૦૨૫ ના સુધી, (૩). લોન એકાઉન્ટ નં. ૧૧૫૮૭૬૦૦૦૦૪૭૬૯ ની બાકી રકમ **રૂા. ૮૧,૯૯૬/-** (રૂા. એકયાસી હજાર નવસો છન્નું પુરા) તા. ૦૩.૦૬.૨૦૨૫ ના સુધી | **રૂા. ૩૨,૦૦,૦૦૦/- (રૂા. બત્રીસ લાખ પુરા)** ------------- **રૂા. ૩,૨૦,૦૦૦/- (રૂા. ત્રણ લાખ વીસ હજાર પુરા)** |

**મિલકતનું વર્ણન :-** તમામ ભાગ અને હિસ્સા સાથેનો ફલેટ નં. ૧૦૧, પહેલો માળ, બ્લોક નં. ડી, કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ ૬૫.૩૨ સ્કે.મી., અવિભાજીત હકક સાથેની જમીનનું ક્ષેત્રફળ ૩૦ સ્કે.મી., દેવ ક્રિસ્ટલ થી જાણીતી સ્કીમ, જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૭૩ અને ૭૪, ફાઈનલ પ્લોટ નં. ૨૭ અને ૨૮ પૈકી, સબ પ્લોટ નં. ૧, ટીપીએસ નં. ૩૭ (દાણીલિમડા ઉત્તર), મોજે - દાણીલિમડા, તાલુકો - મણીનગર, જીલ્લો - અમદાવાદ, ગુજરાત. **ચતુઃસીમા :-** ● **પૂર્વે** : કમ્પાઉન્ડની દિવાલ, ● **પશ્ચિમે** : કોમન પ્લોટ અને બ્લોક નં. એફ, ● **ઉત્તરે** : કોમન પ્લોટ અને બ્લોક નં. સી, ● **દક્ષિણે** : કોમન દિવાલ અને બ્લોક નં. ઈ.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને ફેડરલ બેંક લિમીટેડની વેબસાઈટ માં આપેલી લિંકનો સંદર્ભ લો એટલે કે : https://www.federalbank.co.in/web/guest/tender-notices.

ધી ફેડરલ બેંક લિમીટડ વતી, શૈલેન્દ્ર કુમાર પાન્ડે, એસોસીયેટ વાઈસ પ્રેસીડેન્ટ, લોન કલેકશન અને રીકવરી ડિપાર્ટમેન્ટ અમદાવાદ ડિવિઝન (સરફેસી એકટ હેઠળ અધિકૃત અધિકારી)